અપીલ અરજી નં.૪૧૯ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધાંચી અનવર એ.
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધાંચી અનવર એ. ની તા.૨૯–૧–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ સરદાર પેલેસ ની બાજુમાં ઉધના ભાઠેના નહેરની પાસે સીટી બસડેપોથી આગળ સદર સ્થળ પર આશરે દશ માળની ભવ્ય ઈમારત બનાવાઈ છે જેમાં બાંધકામની તમામ કાયદેસરતા તથા ક્ષેત્રફળ સહિત માલિકોના નામ સરનામા સાથેની માહિતી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૯/૨૦૧૦–૧૧

શ્રી ધાંચી અનવર એ. ની તા.૨૯–૧–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ સરદાર પેલેસ ની બાજુમાં ઉધના ભાઠેના નહેરની પાસે સીટી બસ ડેપોથી આગળ સદર સ્થળ પર આશરે દશ માળની ભવ્ય ઈમારત બનાવાઈ છે જમાં બાંધકામની તમામ કાયદેસરતા તથા ક્ષેત્રફળ સહિત માલિકોના નામ સરનામા સાથેની માહિતી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે મુદ્દા નં.૨ અને ૪ અંગે નકલ સહ વિગતો રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪ તા.૨–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આ.નં.૧૨૫ તા.૨૯–૪–૧૧ થી પૂરક વિગત અંગેનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજીથી સદરાર પેલેસની બાજુમાં ઉધના ભાઠેના નહેરની પાસે સીટી બસ ડેપોથી આગળ થતા દસ માળના બાંધકામની કાયદેસરતા તેમજ પસાર થતી ખાડી પુરાણ બાબતની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૭૦૩ તા.૨–૨–૧૧ થી ડે.ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૮૩૬ તા.૨૨–૨–૧૧ થી મુદ્દા નં.૧ અને ૩ અંગેની માહિતી પૂરી પાડી મુદ્દા નં.૨ અને ૪ માટે પત્ર નં.ટીડીઓ/૪૮૩૫ તા.૨૨–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. ૧ સરદાર પેલેસ ની બાજુમાં ઉધના ભાઠેના નહેરની પાસે સીટી બસ ડેપોથી આગળ સદર સ્થળ પર આશરે દશ માળની ભવ્ય ઈમારત બનાવાઈ છે જેમાં બાંધકામની તમામ કાયદેસરતા તથા ક્ષેત્રફળ સહિત માલિકોના નામ સરનામા સાથેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પ્રશ્નવાળી ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૩૭૩ પૈકી સબ પ્લોટ નં.૦૩. સી.સ. નં.૧૨૨૨ પૈકી વાળી મિલ્કતમાં અરજદાર શ્રી મગનભાઈ જોરાભાઈ દેસાઈ તથા જે. મહાદેવવાલા , રહે. હિમાની એપાર્ટ. મજુરાગેટ સુરત મારફત રજૂ થયેલ રેસી. હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામની પ્લાન અરજીની વિકાસ પરવાનગી શહેર વિકાસ કક્ષાએથી ટીડીઓ/ડીપી/ ૩૪૧ તા.૧૯–૩–૦૯ થી મંજુરી આપવામાં આવેલ છે જે જમીનનું ક્ષેત્રફળ ૨૦૬૧ .૨૮ ચો.મી. છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) બાંધકામની બાજુમાંથી પસાર થતી ખાડીનો કેટલો ભાગ પુરાણ કરવામાં આવેલ છે. તથા તંત્ર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી. મુદ્દા નં.૩ જે તે વખતો વખત આવા બાંધકામ થવા દેનાર જવાબદાર અધિકારીના નામ દરજ્જા સહિતી માહિતી આપવી. જો બાંધકામ યોગ્ય ન થયું હોય તો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં શહેર વિકાસ કક્ષાએથી મંજુર પ્લાન મુજબ સ્થળ પર બાંધકામ કરેલ હોય માંગ્યા મુજબની વિગતો/માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મુદ્દા નં.(૪) થયેલ બાંધકામ સાથેના કંપાઉન્ડનીથી ખાડી વચ્ચેની માર્જીન જગ્યા કેટલા ચો.મી. છે જે વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી. જે બાબતે અરજદારે મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૫ તા.૨૯–૪–૧૧ થી ઝોન લેવલે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી પરંતુ અરજદારે માંગેલ માહિતી સત્વરે પૂરી પાડવાની કામગીરી ચાલુ છે તેવું જણાવેલ છે. આથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આથી નહીં પૂરી પડાયેલી માહિતી અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી જ મુળ અરીજીની તબદીલી કરેલ હોવા છતાં અપીલ તબકકે ઝોન ખાતે મળેલ નથી તેવું જણાવેલ છે યોગ્ય નથી તદ ઉપરાંત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૨૨–૨–૧૧ ના રોજની તબદીલી બાદ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા માહિતીનો ઈન્કાર કરેલ નથી કે કોઈ કારણો જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૪ અંગેની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ઘાંચી અનવર એ.